**જાગૃતિ અને શૈક્ષણિક કાર્યક્રમ :** ૫૦૦ જેટલી બહેનો અને કિશોરીઓ માટે સમયાંતરે મહિલા જાગૃતિ શિબિરો, જૂથચર્ચાઓ અને વિવિધ સંસ્થાઓની મુલાકાત દ્વારા તેમની શકિત તથા સમજ વધારવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ આરોગ્ય, શિક્ષણ, કાયદા, કરકસર, વ્યસનો, બહેનો પર થતા અત્યાચાર, શોષણ, અંધશ્રદ્ધાઓ અને માન્યતાઓ જેવાં વિષયોનું સામાન્ય જ્ઞાન અને સમજ વધે તેવા પ્રયત્નો થાય છે. અત્યાર સુધી આ જાગૃતિ કાર્યક્રમમાં આપણી સાથે જોડાયેલી સહયોગી, તાલીમાર્થી, સ્ટાફ અને પરિવારની બહેનો જોડતાં હતાં. વર્ષ ૨૦૨૧થી ઝઘડિયા ગામની બહેનો પણ આ પ્રવૃત્તિમાં સહભાગી થાય એ માટે "આપણો પરિવાર" કાર્યક્રમની શરૂઆત કરી છે.





**સ્વરક્ષણ કાર્યક્રમઃ** બહેનો અને કિશોરીઓ પર થતા શારીરિક અને માનસિક શોષણ સામે રક્ષણ મેળવી શકે તે માટે જુદાજુદા સાધનો અને માધ્યમો દ્વારા સ્વરક્ષણની તાલીમ શાળાએ જતી અને અધવચ્ચેથી શાળા છોડી દીધેલ કિશોરીઓ અને બહેનોને આપવામાં આવે છે.

## માળખુ

સંસ્થાના બૃહદ માર્ગદર્શન માટે નિયામક મંડળ છે, જયારે તેનું રોજબરોજનું સંચાલન મહિલાઓની બનેલી કારોબારી સમિતી સંભાળી રહી છે, જેમાં ગ્રામ્ય મહિલા જૂથોનાં પ્રતિનિધિઓ, સ્થાનિક સમાજની સંવેદનશીલ મહિલાઓ, અનુભવ ધરાવતી કાબેલ મહિલાઓ તેમજ સોસાયટીમા કાર્યરત મહિલા કાર્યકરોનો સમાવેશ થાય છે.

સઘળાં કાર્યક્રમોમાં બધી બહેનોની ભાગીદારીને ઉત્તેજન આપી સમગ્ર સંચાલન અને તેમાં લેવાતાં નિર્ણયોમાં સામેલ કરી તેમની શકિત અને સમજ વધારવામાં સઘન પ્રયત્નો કરવામાં આવે છે.

## પ્રવૃત્તિઓ

(૧) આર્થિક પ્રવૃત્તિઓ: નાસ્તા, ગારમેન્ટ વિગેરેનું ઉત્પાદન અને વેચાણ
(૨) બાળકેળવણી
(૩) તાલીમ કાર્યક્રમ : • સીવણ તાલીમ • બ્યુટી પાર્લર
(૪) જાગૃતિ અને સશકિતકરણ શિબિરો (૫) સ્વરક્ષણ તાલીમ

## નિયામક મંડળ


| | | |
|---|---|---|
| (૧) | ડો. લતાબેન દેસાઈ | સેવા રૂરલ, ઝઘડિયા |
| (૨) | ડો. શોભાબેન શાહ | સેવા રૂરલ, ઝઘડિયા |
| (૩) | જયશ્રીબેન શેઠ | સેવા રૂરલ, ઝઘડિયા |
| (૪) | ડો. અમીબેન યાજ્ઞિક | સર્જન, સૂરત |
| (૫) | સુધાબેન વડગામા | સંસ્કારદીપ વિદ્યાલય, અંકલેશ્વર |
| (૬) | કોકીલાબેન પંડયા | અંકલેશ્વર |
| (૭) | નિમિષાબેન દેસાઈ | ઓળખ, વડોદરા |
| (૮) | પ્રતિભાબેન પંડયા | સેવા, અમદાવાદ |
| (૯) | બંકિમભાઈ શેઠ | સેવા રૂરલ, ઝઘડિયા |
| (૧૦) | ડો. પંકજભાઈ શાહ | સેવા રૂરલ, ઝઘડિયા |
| (૧૧) | નેહાબેન પરીખ | ભરૂચ |


**જે કુટુંબમાં કે દેશમાં સ્ત્રીઓની**
**કશી કિંમત કરવામાં આવતી નથી,**
**જયાં તેઓ ઉદાસીનતામાં જીવન વિતાવે છે**
**તે પરિવાર કે દેશની**
**ઉન્નતિ થઈ શકતી નથી.**

સ્વામી વિવેકાનંદ


સોસાયટી રજીસ્ટ્રેશન નંબર : ગુજ./૯૧૪/ભરૂચ.
પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર : એફ/૯૦૩/ભરૂચ.
પાન નંબર : AACTS8212L
એફ.સી. આર. એ. રજીસ્ટ્રેશન નંબર : ૦૪૧૯૯૦૦૬૫
80-G હેઠળ દાન ૫૦% કરમુકિતને પાત્ર છે.



શારદા મહિલા વિકાસ સોસાયટી, સેવા રૂરલ, કેમ્પસ
ઝઘડિયા – ૩૯૩ ૧૧૦ જિ. ભરૂચ, ગુજરાત
ફોન . (૦૨૬૪૫) ૨૨૦૦૨૧
E-mail : smvs1985@yahoo.co.in
sewarural@ymail.com
Web : shardamahilavikas.org


શારદા મહિલા વિકાસ સોસાયટી

**જયારે આપણે બીજાને**
**આનંદ આપી શકીએ છીએ**
**ત્યારે જ આપણા જીવનનો હેતુ**
**પરિપૂર્ણ થાય છે.**

મા શારદા

# શારદા મહિલા વિકાસ સોસાયટી

## (સેવા રૂરલ પ્રેરિત)

ત્રીજા દાયકામાં પ્રવેશ

૨૦ વર્ષ (૨૦૦૨ થી ૨૦૨૨)

શારદા મહિલા વિકાસ સોસાયટી વર્ષ ૨૦૦૨થી દક્ષિણ ગુજરાતના ઝઘડિયા તથા તેની આસપાસના ગામોમાં મહિલાઓ, કિશોર–કિશોરીઓ અને બાળકો માટે વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમોમાં કાર્યરત છે.

જો કે આ પ્રવૃત્તિઓ સેવા રૂરલના નેજા હેઠળ ૧૯૮૫થી શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ મહિલાઓ માટે અને મહિલાઓની ભાગીદારીથી બહેનોને અનુરૂપ માળખું ગોઠવી શકાય તે હેતુથી શારદા મહિલા વિકાસ સોસાયટીની સ્થાપના સેવા રૂરલના સહયોગથી કરવામાં આવી છે.

## ધ્યેય

- બહેનોમાં રહેલી શકિતનો વિકાસ : સ્ત્રી સશકિતકરણ
- ગરીબ કુટુંબની બહેનોનું આર્થિક સ્વાવલંબન
- બાળ કેળવણી
- સ્વસ્થ કૌટુંબિક જીવન
- સામાજિક વિકાસની પ્રક્રિયામાં સહભાગિતા

## અભિગમ

સંગઠન દ્વારા બહેનોમાં રહેલી સુષુપ્ત શકિતઓને જાગૃત કરીને અને માતૃભાવને વ્યાપક બનાવીને પોતાના અને સમાજના સર્વાંગી વિકાસની પ્રક્રિયામાં કાર્યરત કરવા

## અમારા સહભાગીઓ

- સામાજિક જાગૃતિ, સશકિતકરણ, જાગૃતિ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ગરીબ–તવંગર, જ્ઞાતિ વિગેરેના ભેદભાવ વિના સમાજની દરેક સ્તરની બહેનો, કિશોર–કિશોરીઓ અને બાળકો.
- આર્થિક પ્રવૃત્તિઓમાં આર્થિક રીતે નબળા કુટુંબની બહેનો, કે જેમાં આદિવાસી, વિધવા, ત્યકતા વગેરેને પ્રથમ પસંદગી.

## હાલની પ્રવૃત્તિઓની ઝલક

બહેનોની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક પરિસ્થિતિમાં સુધારો થાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ કાર્યક્રમોથી આદિવાસી અને ગ્રામિણ વિસ્તારની ગરીબ અને જરૂરિયાતમંદ બહેનોને ઘેરબેઠાં રોજગારી પ્રાપ્ત થતાં આ વંચિત કુટુંબોની બહેનો સ્વમાનભેર પોતાનો અને પોતાના કુટુંબનો વિકાસ કરી રહી છે. સંસ્થા આ સંદર્ભમાં કાચા માલની ખરીદી, ઉત્પાદનની પ્રક્રિયાનું માર્ગદર્શન અને માર્કેટિંગની વ્યવસ્થા કરે છે. આજુબાજુના ઉદ્યોગગૃહોમાં બહેનોમાં કૌશલ્ય વધારવા વિવિધ કાર્યક્રમો કરે છે.

### આર્થિક પ્રવૃત્તિઓ:



**નાસ્તા કાર્યક્રમ :** વિવિધ પ્રકારના સૂકા તેમજ ગરમ નાસ્તા બનાવવાની પ્રક્રિયામાં અત્યાર સુધીમાં ૪૬ બહેનો એ કામ કર્યું. રૂા. ૯૩ લાખનું ઉત્પાદન કરી રૂા.૨૦ લાખ જેટલી રોજી મેળવી છે. છેલ્લા કેટલાક વર્ષોથી હોસ્પિટલમાં આવતા દર્દીઓને સવારે ગરમ નાસ્તો તેમજ સગર્ભા, સુવાવડી બહેનોને સુખડી, શીરો, સુવાતલના મુખવાસ નિયમિત રીતે આપવામાં આવે છે. નર્સિંગ તાલીમાર્થી બહેનોને પણ નિયમિત રીતે ગરમ નાસ્તો આપવામાં આવે છે. આ ઉપરાંત ઓર્ડર પ્રમાણે મસાલાપૂરી, સેવ, ચકરી, ભાખરવડી, મેથીના સક્કરપારા, થાપડા જેવા વિવિધ નાસ્તા બનાવી આપવામાં આવે છે.



**ગારમેન્ટ કાર્યક્રમ :** દિન પ્રતિદિન આ કાર્યક્રમ વિકસી રહ્યો છે. શરૂઆત ઓકટો.'૧૯૯૮માં થઈ. આજ સુધી ૨૭૧ બહેનો આ કાર્યકમનો લાભ લઈ લગભગ રૂા.૧,૦૦૦ લાખનું ઉત્પાદન કરી આશરે રૂા.૨૭૦ લાખની કમાણી કરી છે. સિલાઈનો થોડો અનુભવ ધરાવતી બહેનોને તાલીમ આપી ને આધુનિક સિલાઈ, ગાજબટન વગેરેના મશીનો દ્વારા સિલાઈ કામ કરી નજીકના ઔધોગિક ગૃહોના કારીગરોના યુનીફોર્મ, બોઈલરસૂટ, શાળાઓના યુનીફોર્મ, હોસ્પિટલ લીનન, બેબીકીટ વગેરે બનાવવાનું કામ કરી રહ્યા છે.



**બચત ધિરાણ કાર્યક્રમ:** ૩૦ વર્ષથી બિનઔપચારિક રીતે ચાલતા બચત અને ધિરાણના કાર્યક્રમમાં અત્યાર સુધી ૭૨૪ બહેનોએ રૂા. ૨૩ લાખ બચત અને રૂા. ૪૨ લાખની લોન લઈ પોતાના કુટુંબમાં મદદરૂપ થઈ છે. હવે બહેનો સક્ષમ થતા વર્ષ ૨૦૧૭થી સ્વતંત્ર રીતે ગ્રામિણ જૂથો ચલાવી રહી છે.

**બાળકેળવણી કાર્યક્રમ:** આ પ્રવૃત્તિની શરૂઆત ૧૯૮૫થી ખારીયા ગામમાં ૧૫ બાળકો સાથે થઈ હતી. આજ સુધી લગભગ ૬૩૪૨ બાળકોએ લાભ લીધો. ધોરણ ૧ થી ૮માં ભણતા નબળા વર્ગના બાળકો માટે પૂરક શિક્ષણ અને જીવન ઘડતરલક્ષી પ્રવૃત્તિઓ જેવી કે સ્વચ્છતા, કૌટુંબિક અને સામાજીક જવાબદારી જાહેર સંસ્થાઓ જેવી કે પોસ્ટ ઓફિસ, પંચાયત, બેન્કની મુલાકાત, પ્રવાસ, શિબિરો, તહેવારો અને મહાપુરુષોના જન્મજયંતિ ઉજવણી જેવી સહશિક્ષણની પ્રવૃત્તિઓનો વર્ષે લગભગ ૨૦૦ થી ૨૨૫ જેટલા વંચિત બાળકો લાભ લઈ રહ્યા છે.



ઝઘડિયા તાલુકામાંના અંતરિયાળ ગામડાના બાળકોને પણ અભ્યાસ અને જીવન ઘડતરની પ્રવૃત્તિઓનો લાભ મળે તે માટે ૨૦૧૪થી હરતી ફરતી શાળા શરૂ કરી. હાલમાં ૧૮ શાળાઓના ૯૫૬૭ જેટલા બાળકોને વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોને સરળ રીતે શીખવાડી મૂલ્યલક્ષી શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત પડાવના બાળકો (ખેતમજૂર–શેરડી કટિંગ) સાથે પણ પાયાના શિક્ષણની સાથે જીવન ઘડતરની પ્રવૃત્તિઓ કરાવીએ છીએ.



### તાલીમ કાર્યક્રમ :

**સીવણ તાલીમ કાર્યક્રમ :** આ કાર્યક્રમ ઓગષ્ટ '૨૦૧૧થી શરૂ થયો છે. આ ૬ મહિનાનો કોર્ષ છે. વર્ષમાં ૪ બેચ થાય છે. જેમાં અત્યાર સુધી ૬૦૫ બહેનોએ તાલીમ લીધી છે. ઝઘડીયા તાલુકામાંથી ૭૫ થી ૮૦ ગામડામાંથી બહેનો આવે છે. તાલીમ બાદ સીવણના મશીન પણ આપવામાં આવે છે. ૮૦ થી ૮૫% બહેનો ગામડામાં સ્વરોજગાર કરી રહી છે.

**બ્યુટીપાર્લર :** બહેનો કોઈ કૌશલ્ય મેળવીને પગભર થઈ શકે તેના ભાગરૂપે જુલાઈ'૨૦૧૯થી બ્યુટીપાર્લર કોર્ષની શરૂઆત કરવામાં આવી. વર્ષમાં ૩ બેચ થાય છે. ૪ મહિનાના આ કોર્ષમાં વર્ષ દરમ્યાન લગભગ ૭૫ જેટલી બહેનો તાલીમ પૂરી કરે છે. જે બહેનો કોર્ષ પૂર્ણ કરે છે તેમને સંસ્થા તરફથી સ્ટાર્ટઅપ કીટ આપવામાં આવે છે. જેથી તાલીમ બાદ તેઓ પોતાનું આર્થિક ઉપાર્જન શરૂ કરી શકે.

